**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. II-74-2014-15**

અરજદાર: શ્રી વીરાભાઇ નાથાભાઇ ડામોર
મુ. ઝાલા પાદેડી પો. રાણીજીની પાદેડી,
તા. સંતરામપુર, જી. પંચમહાલ,

રજુઆત કરનાર: શ્રી વીરાભાઇ નાથાભાઇ ડામોર જાતે તથા તેઓના પુત્ર શ્રી દલાભાઇ વીરાભાઇ ડામોર

સામાવાળા: જુની. ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
જુની.એન્જી., સંતરામપુર સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી કે. એન. કામોલ, જુની. ઇજનેર, એમજીવીસીએલ, સંતરામપુર સબ-ડિવિઝન.

ફરિયાદીની તા. ૧૭.૧૦.૨૦૧૪ની ૩ ફેઝના કનેક્શન માટે વીજ મીટર અને ટ્રાન્સફોર્મર ન લગાવેલ હોવા છતાં ગેરકાયદેસર બિલ આપવા માટેની ફરિયાદ તા. ૦૭.૧૧.૨૦૧૪ ના રોજ સાંભળવામાં આવી. જેમાં ફરિયાદી તરફે ફરિયાદી શ્રી વીરાભાઇ નાથાભાઇ ડામોર જાતે તથા તેઓના પુત્ર શ્રી દલાભાઇ વીરાભાઇ ડામોર તેમજ સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી કે. એન. કામોલ (જુની.એન્જી., સંતરામપુર સબ-ડિવિઝન) હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીએ પોતાની ખેતી લાયક જમીનમાં બોર કરેલ છે. જેના માટે ૩ ફેઝ કનેક્શન માટે માંગણી કરેલ છે. તેની કાર્યવાહીરૂપે તા. ૦૧.૦૩.૨૦૧૪ ના રોજ મ.ગુ.વી.કં.લી. દ્વારા વીજ પોલ નાંખેલ છે. પરંતુ વીજ પૂરવઠા માટેનું ટ્રાન્સફોર્મર તથા વીજ મીટર મુકેલ નથી. છતાં પણ મે-જૂન-૨૦૧૪ નું રૂા. ૧૧૪૧.૧૨ પૈસાનું વીજબીલ ફરિયાદીને આપવામાં આવેલ. આ અંગે ફરિયાદીએ સંતરામપુરના નાયબ ઇજનેરશ્રીને તા. ૨૧.૦૭.૨૦૧૪ ના રોજ રૂબરૂ મળી આ અંગે જાણ કરેલ. ત્યારે તેઓએ જણાવેલ કે, એક અઠવાડિયામાં કનેક્શન ચાલુ થઇ જશે.
૨. ત્યારબાદ ફરીથી જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૪નું રૂા. ૧,૩૨૨.૯૨ નું બીલ આપવામાં આવેલ. વગર વીજ જોડાણે ફરિયાદીને બિલ આપેલ હોઇ ફરિયાદીએ વીજબીલની રકમ માફ કરવા તેમજ વહેલી તકે વીજ પૂરવઠો ચાલુ કરાવી આપવા માટે હાલની ફરિયાદ ફોરમ સમક્ષ કરેલ છે.
૩. ફરિયાદીએ સુનવણી દરમ્યાન રૂબરૂ હાજર રહી રજૂઆત કરેલ છે કે, તેઓના ખેતર માટે વીજ કનેક્શન મેળવવા અરજી કરેલ. વીજ પોલ તેમજ વાયરો તા. ૦૧.૦૩.૨૦૧૪ ના રોજ નાંખવામાં આવેલ છે. પરંતુ ટ્રાન્સફોર્મર અને વીજ મીટર નાંખેલ નથી અને વીજ પૂરવઠો ચાલુ કરવામાં આવેલ નથી. છતાં પણ તેઓને મે-જૂન-૨૦૧૪નું રૂા. ૧,૧૪૧.૧૨ પૈસાનું તેમજ જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૪નું રૂા. ૧,૩૨૨.૯૨ પૈસાનું વીજ બીલ આપવામાં આવેલ છે. વીજ કનેક્શન વગર આપેલ વીજ બીલ માફ કરવા તેમજ વીજ પૂરવઠો વહેલી તકે ચાલુ કરવા વિનંતી કરેલ છે.

૪. સામાવાળા તરફે શ્રી કે. એન. કામોલે જુનીયર ઇજનેર દ્વારા એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદીના વીજ જોડાણ માટે તા. ૦૧.૦૩.૨૦૧૪ ના રોજ પોલ તેમજ વાયરો નાંખી આપેલ છે. ત્યારબાદ ફરિયાદીને તા. ૩૧.૦૫.૨૦૧૩ ના પત્રક્રમાંક: LUD/Scheme/SD/Tech/1128 નો લખી ફરિયાદી પાસેથી બે માસની નોટીસ આપી ટેસ્ટ રીપોર્ટની માંગણી કરવામાં આવેલ. (આ પત્ર સાદી ટપાલથી મોકલેલ છે.) તેમાં જણાવેલ કે; દિન-૭ માં ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવો. નહીં તો બીલ ચાલુ થઇ જશે. પરંતુ ફરિયાદીએ આજદિન સુધી ટેસ્ટ રીપોર્ટ આપલ ન હોઇ નિયમ મુજબ રૂા. ૧૮૦/- પ્રતિમાસ લેખે વીજબીલ આપવામાં આવેલ છે. ફરિયાદીએ બીલો નહીં ભરતા બે માસની સમય-મર્યાદા પૂર્ણ થયા બાદ પાછલા બીલ બાકી થતા છેલ્લું બીલ જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૪નું રૂા. ૧૩૨૨.૯૨ નું આપવામાં આવેલ છે. આમ; ફરિયાદીને આપવામાં આવેલ બીલ ગેરકાયદેસરનું નથી. તેમજ જો ફરિયાદી ટેસ્ટ રીપોર્ટ આપે તો તેવોનું કનેક્શન તુરત જ ચાલુ કરવામાં આવશે.

૫. ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર હતા તેઓએ બન્ને પક્ષકારોને સાંભળ્યા તેમજ રજૂ કરેલ દસ્તાવેજોને ધ્યાને લીધા. ફરિયાદી ખેતી વિષયક ૩ ફેઝ કનેક્શન માટે માંગણી કરેલ. તેની કાર્યવાહીરૂપે તા. ૦૧.૦૩.૨૦૧૪ ના રોજ વીજ પોલ તેમજ વાયરો નાંખેલા. પરંતુ ટ્રાન્સફોર્મર નાંખેલ નહીં કે વીજ મીટર લગાવેલ નહીં. તેમ છતાં ફરિયાદીને મે-જૂન-૨૦૧૪ અને જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૪નું બીલ આપવામાં આવેલ. સામાવાળાના જુની.એન્જી. ના જણાવ્યા મુજબ ફરિયાદીએ માંગણી કરવા છતાં ટેસ્ટ રીપોર્ટ આપેલ ન હોવાથી ફરિયાદીનો વીજ પૂરવઠો ચાલુ કરી શકાયેલ નહીં અને નિયમાનુસાર તેઓને પ્રતિમાસ રૂા. ૧૮૦/- નું બીલ આપવા પાત્ર થતું હોવાથી મે-જુન-૨૦૧૪નું પાછલી બાકી સહિતનું રૂા. ૧૧૪૧.૧૨ પૈસાનું તેમજ જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૪નું રૂા. ૧૩૨૨.૯૨ પૈસાનું બીલ આપવામાં આવેલ છે. જે ફરિયાદીએ ભરેલ નથી. પરંતુ સામાવાળાએ ફરિયાદી પાસે ટેસ્ટ રીપોર્ટની માંગણી કરેલ છે તેનો કોઇ પૂરાવો ફોરમ સમક્ષ રજૂ કરી શકેલ નથી. સામાવાળાએ ફરિયાદીને લખેલ તા. ૩૧.૦૫.૨૦૧૩ નો પત્ર રજૂ કરેલ છે. પરંતુ તે ફરિયાદીને મળ્યા અંગેની આર.પી.એ.ડી. ની રસીદ રજૂ કરેલ નથી. તેથી એમ માની શકાય કે ફરિયાદીને ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવા માટેનો પત્ર મળ્યો નથી. અને ફરિયાદી દ્વારા મીટર બેસાડવા માટેની ઓરડી પણ બનાવી નથી. ફરિયાદીના જણાવ્યાનુસાર ફરિયાદીને પત્ર મળેલ નથી. તેથી તેઓએ ટેસ્ટ રીપોર્ટ રજૂ કરેલ નથી. આમ, જ્યારે સામાવાળાએ ફરિયાદીને ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવા જણાવેલ ન હોય ત્યારે ફરિયાદી ટેસ્ટ રીપોર્ટ રજૂ ન કરે તો તેમાં ફરિયાદીને મીનીમમ બીલ આપી શકાય નહીં. તેથી ફરિયાદીને આપેલ બિલ ગેરકાયદેસર ગણાય અને વસુલ કરી શકાય નહીં.

સામાવાળા એમ.જી.વી.સી.એલ. દ્વારા ફરિયાદીને આપવામાં આવેલ મે-જુન-૨૦૧૪ તથા જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૪ ના બિલ રદ્દ કરવાનો તથા ટેસ્ટ રીપોર્ટ રજૂ કર્યેથી ફરિયાદીને વીજ કનેક્શન ચાલુ કરી આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઇ રહેશે તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

સામાવાળા એમ.જી.વી.સી.એલ.ને હુકમ કરવામાં આવે છે કે ફરિયાદી શ્રી વીરાભાઇ નાથાભાઇ ડામોર મુ. ઝાલા પાદેડી પો. રાણીજીની પાદેડી, તા. સંતરામપુર, જી. પંચમહાલને આપવામાં આવેલ મે-જુન-૨૦૧૪ તથા જુલાઇ-ઓગષ્ટ-૨૦૧૪ ના બીલો રદ્દ કરી ફરિયાદીના ટેસ્ટ રીપોર્ટ આવ્યેથી વીજ જોડાણ ચાલુ કરી આપવું.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ)<br>ટેકનિકલ મેમ્બર | (હર્ષા એસ. ચૌહાણ)<br>ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | (પી. જે. પટેલ)<br>ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.